## અનાવિલો નો ઇતિહાસ

આર્યો ભારતમા આવ્યા તે વખતે ગુજરાત અને કાઠિયાવાડ ના પ્રદેશમાં **નાગ** અને **દસ્યુ** નામની બે પ્રજા વસતી હતી. નાગ જાતિની ગણતરી અસુરોમાં જ થતી હતી. નાગલોકો હિરણ્ય અને તામ્ર વર્ણના હતા અને તેઓની સંસ્કૃતિ દસ્યુ કરતાં ચઢિયાતી હતી. નાગજાતિ રાજ્યવહીવટ અને કળાકારીગીરી માં કુશળ હતી.

આર્યો અને નાગો વચ્ચે ઘણાં યુધ્ધો થયાં હતાં. દસ્યુ પ્રજા કેટલીકવાર આર્યોને પક્ષે રહીને લડતી હતી, તો કેટલીકવાર નાગ(અસુર)ને પક્ષે રહી લડતી હતી.

આર્યો આ પ્રદેશ માં આવીને, તે વખતના દેશકાળાનુસાર નાગજાતિના એક અંગને પોતાનામા સમાવ્યુ હોય એ અસંભવિત નથી. નાગજાતિના એક અંગને પોતાનામાં સમાવી આર્યોએ પ્રદેશમાં કાયમી વસવાટ કીધો.

એ કાળે આર્યોને અનાર્ય નાગસ્ત્રી સાથે પરણવામાં કોઇ જાતનો સામાજિક કે ધાર્મિક બાધ નહોતો; અને નીચલા વર્ગની કન્યાઓ ઊંચ વર્ગમાં પરણતી એમજણાય છે,અને આવા લગ્નસંબંધ અસલ વતનીઓ સાથે બાંધી તેઓ એ લોકોમાં પોતાની ઉચ્ચ સંસ્કતિ રેડતા.

ગુજરાતના બ્રાહ્મણો શુકલ યજુર્વેદ અનાવિલ બ્રાહ્મણોનું સ્થાન આગળ પડતું છે.**અનાવિલ બ્રાહ્મણો શુકલ યજુર્વેદ માધ્યંદિની શાખાના બ્રાહ્મણો** છે."**અનાવિલ**"શબ્દનો અર્થ પવિત્ર અથવા શુધ્ધ થાય છે. કવિ કાલિદાસે શિવપાર્વતીનાં મિલન સમયે "કુમાર સંભવ" કાવ્યમાં એ જ અર્થમાં "અનાવિલ"શબ્દ વાપર્યો છે."મનુસ્મૃતિ" માં પણ એ શબ્દ જોવામાં આવે છે.

## કવિ ભૂખણે, શિવાજીને સંભળાવેલો ઇતિહાસ

એ ઇતિહાસમાંથી નીચે પ્રમાણેની હકીકતઃ

આ અજાચક “અનાઉલ” બ્રાહ્મણો રામાયણકાળ શરૂ થયોતે પહેલાં અફઘાનિસ્તાન, ગંધાર,(કંદહાર), કાશ્મીર (હજારા પ્રાંત) તરફ વસવાટ કરીને રહેતા હતા,અને ત્યાંથી પછી સતલજ, સિંધુ, ગંગા અને જમનાનાં મેદાનોમાં ઊતરી આવ્યા હતાં. દશરથ રાજાએ દિગ્વિજય કર્યો, આખા ઉત્તરભારતમાં આ જ્ઞાતિએ ઠીક ઠીક નામના પ્રાપ્ત કરી હતી.સૂર્યવંશી રાજાઓએ એ બ્રાહ્મણોને પોતાના રાજ્યના દૂર દૂરના ભાગોમાં રાજ્યવહીવટ ચલાવવા માટે મોકલી આપ્યા હતા.

નવેમ્બર, ૧૯૨૫ ના “અનાવિલ પોકાર” ના અંકમાં પૃષ્ઠ ૫૪૩ પર “અનાવિલ સંસાર દિગ્દર્શન” નામનો લેખ છપાયો છે તેમાં લખવામા આવ્યૂં છે,દશરથ રાજાના સમયમાં અને તે પૂર્વે “અનાઉલ” અથવા “અનાવિલ” નામના શસ્ત્રધારી બ્રાહ્મણો આર્યાવર્તની ઉત્તરના પ્રદેશમાં હાલનાં બલુચિસ્તાન તરફ વસતા હતા. દશરથે જયારે એ પ્રદેશ પર હલ્લો કર્યો ત્યારે, દશરથની રાણી કૈકેયી તેમના (અનાવિલોના) દેશની હતી,આ અનાવિલોએ દશરથને મદદ આપી અને તેમને પરાજયથી બચાવી લીધા. તે વખતથી કેટલાક અનાવિલો, દશરથ રાજાની સાથે, આર્યાવર્તમાં આવ્યા હતા એમ કહેવાય છે.

**“અનાવિલ પુરાણ”** માં કહેવામા આવ્યું છે કે, રામચંદ્ર જ્યારે બ્રહ્મરાક્ષસ રાવણનો વધ કરી સીતા, લક્ષ્મણ અને હનુમાન સાથે પુષ્પક વિમાનમાં અયોધ્યા તરફ જતાં હતા, તે વખતે રસ્તામાં અગસ્ત્ય મુનિનો આશ્રમ આવ્યો. એ આશ્રમ આજના ગોવાની નજીક કોઇક સ્થળે આવ્યો હતો.મહાત્મા અગસ્ત્ય અને તેમનાં ધર્મપત્ની લોપામુદ્રાનાં દર્શનની ઇચ્છાથી રામચંદ્રે પુષ્પક વિમાનને અગસ્ત્યના આશ્રમ આગળ ઉતાર્યુ.અગસ્ત્ય અને તેમનાં ધર્મપત્ની લોપામુદ્રાએ રામસીતાને ભાવભર્યો આવકાર આપ્યો

મહાપાપી રાવણ કર્મે રાક્ષસ હતો, પણ જન્મે બ્રાહ્મણ હતો, એટલે એને માર્યા પછી રામચંદ્ર માનવા લાગ્યા કે મારાથી બ્રહ્મહત્યાનું પાપ થયું છે. એ પાપમાંથી શી રીતે મુક્ત થવું તેની જ વિચારણા એમનાં મનમાં ચાલી રહી હતી, અને એનો કોઇ ઉકેલ માલૂમ ન પડતાં તેમનું મન ઉદ્વિગ્ન રહેતું હતું. અને તથી જ રામચંદ્રે અગસ્ત્ય મુનિ ને પાપ નિવારણ કરવાનો ઉપાય પૂછતા અગસ્ત્ય મુનિ અ તેમને ગંગા-જમનાના તટને પાવન કરનારા કેટલાક ઋષિઓને પૂર્વે યજ્ઞકાર્ય માટે મહાદવે અનાદિપૂર માં બોલાવ્યા હતા. પોતાનુ કાર્ય સમાપ્ત કરીને આ બ્રાહ્મણો પાછા ગંગાતટ પર રહેવા ગયા હતા.તેમને ગંગાકિનારે થી અનાદિપુરમાં બોલાવી તેમની પાસે વિધિપૂર્વક યજ્ઞ કરાવો, તો જ તમારા પાપનું નિવારણ થશે

અગસ્ત્યમુનિ ની સલાહ લઇ રામસીતા પોતાના સ્વજનો સાથે અનાદિપુર (અનાવલ)આવ્યા. ગંગાતટે વસતા બ્રાહ્મણો ને સમજાવીને લાવવાનુ કામ હનુમાનજીને સોંપ્યું. હનુમાનજીની ઘણી વિંનતી છતાં બ્રાહ્મણો ન માનતા ચતુર હનુમાનજીએ બળી મરવાની યુક્તિ કરી કહ્યુ કે મારી સાથે ન આવશો,તો મારે ચિતા ખડકીને બળી મરવુ પડશે કારણ કે મારૂ સોંપેલુ કાર્ય પૂરૂ ન થાય તો મારા સ્વામી ને મુખ કેવી રીતે બતાવવું. આથી બ્રાહ્મણો પ્રસન્ન થઇ જવા માટે તૈયાર થયાં. હનુમાનજી ૧૮૦૦૦ અયાચક બ્રાહ્મણોને ખભા પાર બેસાડી અનાવલ માં આવ્યાં. બ્રાહ્મણોના કહેવાથી રામે ઉનાઇ આગળ બાણ મારી સ્નાન માટે ઊના પાણી ના સ્વચ્છ ઝરા પ્રગટ કર્યા.આ બ્રાહ્મણોએ યજ્ઞનું કાર્ય નિર્વિઘ્ને પાર પાડયુ.રામે બ્રાહ્મણોને દક્ષિણા આપવા માંડી, પણ અયાચક બ્રાહ્મણોએ લેવાની ના પાડી. રામના ઘણા સમજાવાથી

આખરે બ્રાહ્મણો રાજી થયા. ૧૮૦૦૦ ત્યાગી બ્રાહ્મણો ને ગૃહસ્થાશ્રમી બનાવવા ભોગવતી નગરી (ખંભાત આગળ) તરફનાં ખાનદાન નાગકુળોના ૧૨૦૦૦ નાગકન્યાઓ ૧૨૦૦૦ અનાવિલ બ્રાહ્મણો ને લગ્ન કરાવ્યા. ઘણા લાંબા સમયથી આર્યો અને નાગો વચ્ચે જે દુશ્મનાવટ ચાલી આવતી હતી, તે આ લગ્નગ્રંથીથી નાશ પામી. રામચંદ્રજીએ બ્રાહ્મણોને અનાદિક્ષેત્રમાં રહેવાની સલાહ આપી તથા વિશ્વકર્મા પાસે સુંદર નગર ની રચના કરાવી અને તે નગરનું નામ **"અનાઉલ"** અનાવિલ બ્રાહ્મણોના નામ પર થી રાખવામાં આવ્યું. તે એક તીર્થસ્થાન તરીકે પ્રખ્યાત થયેલું

અનાવલ નગરમા રહેતા બ્રાહ્મણો **'અનાવિલ બ્રાહ્મણો'** તરીકે ઓળખાયા.

સૂર્યની પુત્રી તાપીના લગ્ન સંવરણ રાજા સાથે વારિતાપ્ય (હાલનુ વરિયાવ)માં થયા હતાં. તે વખતે વશિષ્ઠ ઋષિના કહેવાથી સંવરણ રાજાએ પોતાના લગ્ન માટે અનાદિક્ષેત્રના ઋષિઓને આમંત્રણ આપ્યું હતુ. રાજાએ તેમને પુષ્કળ ધન અને ૧૧૬ ગામો આપ્યા હતાં. બાર ગોત્રમાંથી બે ગોત્રના બ્રાહ્મણો વારિતાપ્ય અને કાંતારસ્વામીનાં અરણ્ય (હાલનું કતાર ગામ)ની જગ્યાએ વસ્યા. બાકીના ૧૦ ગોત્રના બ્રાહ્મણો અનાવલ મુકામે પાછા ફર્યા. એમ કહેવાય છે કે જે લોકો વારિતાપ્યક્ષેત્રની આસપાસ વસ્યા તે લોકો **"વસી"** તરકિ ઓળખાયા.

કોઇ પણ જ્ઞાતિનો સાહિત્યમાં ઉલ્લેખ થાય તો તે જ્ઞાતિ તે સાહિત્યની રચના પાહેલાં ઘણાં વર્ષ અગાઉથી અસ્તિત્વમાં આવી ગઇ હશે, એમ માની શકાય.

## અનાવિલોનાં ગોત્ર અને પ્રવરો

હિંદુ કુળ અથવા વંશની એક વિશિષ્ટ સંજ્ઞાને ગોત્ર તરીકે ઓળખવામાં આવે છે. કોઇ મૂળ પુરુષ કે ગુરુનાં નામથી એ સંજ્ઞા પ્રચલિત થઈ છે.

ગોત્ર અથવા વંશના કોઈ વિશેષ મહત્ત્વના સંચાલક મુનિનાં નામને પ્રવર તરીકે ઓળખવામાં આવે છે.

જમદગ્નિના પરાક્રમી પુત્ર પરશુરામ પોતાની ટોળી સાથે દંડકારણ્યના પ્રદેશમાં આવીને રહયાં હતા. સુરત-વલસાડ વિભાગની ભૂમિ હજુ આજે પણ પરશુરામક્ષેત્ર તરીકે ઓળખાય છે. વળી એમ પણ કહેવાય છે કે એ વિભાગની પરશુરામક્ષેત્રની ભુમિમાં દુકાળ પડે જ નહિ.

કહેવાય છે કે અનાવલથી થોડે દૂર આવેલાં સાલ્હેર – મુલ્હેર તરફ પરશુરામ રહેતા હતાં. એક જમાનામાં સાલ્હેર – મુલ્હેર સાથે અનાવિલોનું નામ સંકળાયેલું હતું. આ પરથી એમ ધારણા બાંધી શકાય કે પરશુરામ સાથે આવેલી ટોળીના જે બ્રાહ્મણો અનાવલ અને તેની આસપાસમાં રહ્યાં, તેમાંના ઘણાના વંશજોનો અનાવિલ જ્ઞાતિમાં સમાવેશ થયેલો હોવો જોઈએ.

અનાવિલોનાં મૂળ ગોત હતાં એમ કહેવાય છે. શાસ્ત્રી ભાલચંદ્રના 'અનાવિલ પુરાણ'ના પાના ૧૧૨ પર ગોત્ર અને પ્રવરોનાં નામો આપ્યાં છે, તેમાં ક્હ્યુ છે,

**"અનાદિપત્તનસ્થ સંજ્ઞિકાનાં દ્વિજાનાં ગોત્રપ્રવરાનિ શુક્લ યર્જુવેદ માંધ્યંદિની શાખા ||"**

| | ગોત્ર | પ્રવરો | |
|---|---|---|---|
| ૧ | વશિષ્ઠ | વશિષ્ઠ-શક્તિ-પારાશર | ૩ |
| ૨ | કશ્યપ | કશ્યપ-અસિતિ-દેવલ | ૩ |
| ૩ | અત્રિ | અત્રિ, ગવહ્ય-અત્રેય | ૩ |
| ૪ | પારાશર | પારાશર, વશિષ્ઠ-શક્તિ | ૩ |
| ૫ | ગૌતમ | ગૌતમ, અતિથિ, આંગિરસ | ૩ |
| ૬ | ઉશનસ | ઉશના, આતિથ્ય, ચ્યવન | ૩ |
| ૭ | ગાલવ | ગાલવ, ગર્ગ, આંગિરસ | ૩ |
| ૮ | અગસ્ત્ય | અગસ્ત્ય, દાધ્યતિ, ઈધાવાહ | ૩ |
| ૯ | ગર્ગ | ગર્ગ, ગાર્ગવ, ભવિષ્ય, કર્ણ, મુનિવર | ૫ |
| ૧૦ | સાંખ્યાયન | સાંખ્યાયન, શાકૃત્ય, વત્ય | ૩ |
| ૧૧ | વત્સશ | વત્સશ, ભાર્ગવ, ચ્યવન, ઔવ, જામદગ્ન | ૫ |
| ૧૨ | કણ્વ | કણ્વ, ઉદાલક, વિશ્વામિત્ર | ૩ |

"અનાવલ ઐતિહાસિક દ્રષ્ટિએ" નામના લેખમાં શ્રી મણિભાઇ વકીલ લખે છે, "અનાવિલ બ્રાહ્મણોનાં ગોત્ર અને પ્રવરો સાબિત કરે છે કે, યર્જુવેદના સમયના આર્ય ઋષિમુનિઓનાં વંશનાં અનાવિલ બ્રાહ્મણો સંતાનો છે.

"સંવત ૧૧૫૨ માં અનાવલ ભાંગ્યુ ત્યારે અનાવલોનાં ૪૮ ગોત્ર બચેલા, તે ગોત્રના લોકો અનાવલ છોડી તાપી કિનારે જઈ વસેલા, એવી નોંધ મણિલાલ બેચર ભાટ, ભાટવાડો, વડોદરાના જૂના ચોપડામાં છે. અનાય સમાજમાં કોઈ ગોત્ર નથી.

'અનાવિલ પોકાર' માસિકના ૧૯૪૬ ના માર્ચના અંકમાં શ્રી પરાગજી રણછોડજી દેસાઈએ 'અનાવિલ ગોત્રની તપસીલ' નામનો લેખ લખ્યો છે. એ લેખમાં એમણ કયા કયા ગામમાં કયા ગોત્રનાં અનાવિલો વસવાટ કરીને રહેતા માલૂમ પડયા, તે વિશેની નોંધ કરી હતી.

જે બહુ જ સંક્ષેપમા તે નોંધ રજૂ કરવામાં આવે છે :

## અનાવિલો નો ઈતિહાસ

| ગૌત્રનું નામ | એ ગૌત્રના અનાવિલો કયા ગામમાં રહયા? |
| --- | --- |
| ૧ ઉપમન્યુ | સુલતાનપુર,ખારાઅબ્રામા,સુરત, બીલ્લીમોરા,નવસાર |
| ૨ કશ્યપ | ઉમરવાડા, સુલતાનપોર,જલાલપોર |
| ૩ કાત્યાયન | ખટોદરા, સુરત |
| ૪ કૃષ્ણાતી | વડદલા,ઓવીઆણ,નવસારી,સોનગઢ વાવ,કઠોર,સુરત,વ્યારા,કામરેજ,કડોદપલ સાણા,વેસ્મા,કાલિયાવાડી,ગણદેવીકતારગ ામ,બગુમરા,વકતાણા,સંદલપોર, બીલીમોરા,કોસમકુવા |
| ૫ ક્રૌણસ, કૌણિસ, કણ્ડસ | અબરીક અબ્રામા,તલંગપોર,કબીલપોર માધર,કતારગામ,કઠોદરા,વરીઆવ, નવસારી,બોડવાંક,સાલેજ,ધમડાછા, દિવેદ,સુરત,કરમળા,એથાણ,કલથાણ, માકડા,પરીઆ,અલથાણ,દેગામ,કઠોર, પીપલગભાણ,ચીખલી,હળધરુ,પીપધરા પરબ,વાવ,સીસોદરા,સુરત,વીજલપોર રાબડા,વ્યારા,એરુ,ખરવાસા,પરુજણ, મહુવા,ભદેલી,કામરેજ,જલાલપોર, ઓરણા,ટાંકલ,સરભોણ,કોસમાડા, ખરોલી,ઓંડ,મલવાડા,વલસાડ, ખેરગામ |
| ૬ કૌશ્ચિક કે કૌશિક | મરોલી,નવસારી,સુરાત,પરીઆ,છીણમ અરીઆણા,કબીલપોર |
| ૭ ગૌતમ | હરીઆ,પારડી,સુરત |
| ૮ પારાશર | દેલાડવા,સુરત,વીજલપોર,પરીઆ |
| ૯ ભારદ્વાજ | મહુવર,સુરત,પાલી |
| ૧૦ લવણસ | ખરસાડ,દાંડી,નવસારી,સુરત,મગોદ, અષ્ટગામ,જલાલપોર,કછોલી,વલસાડ કઠોર,અમલસાડ |
| ૧૧ વશિષ્ઠ | પીંજરત,કતારગામ,એરથાણ,સાંધીએર, વકતાણા,સુરત,ઉડાચ |
| ૧૨ વત્સશ | કતારગામ,કઠોદરા,માધર |
| ૧૩ વૈખાનસ વૈશાનસ | ભટાર,વરાછા,સુરત,કાછબપારડી, નિયોળ,સેડાવ |
| ૧૪ વાલિખલ્ય | ઊંટડી,ગોરગામ,વાઘલધરા,અટગામ, વલસાડ,ડુંગરી,ફણસવાડા,સુરત |
| ૧૫ સાંખ્યાયન | દિહેણ,સરભોણ,ઓલપાડ,સુરત |
| ૧૬ સુખાનંદ | કનસાડ,સુરત,પૌંસરા |

**(નોંધઃ-** આ નોંધ અધૂરી છે. એમાં ધણાં ગૌત્ર અને ગામોનો સમાવેશ કરવામાં આવ્યો નથી)

### વંશાવળી

અનાદિપુર (અનાવલ)માં કળિયુગની પેઢી ૬૫ રહયા. સ્વ.ગાંડાભાઈની નોંધનાં આ હસ્તલિખિત લખાણમાં 'સાભાઈના'' શબ્દ,એમની નોંધના બીજા હસ્તલિખિત લખાણમાં નથી. આ અને બીજા લખાણમાં પણ વંશનાં નામમાં નારદ ને નં.૧ આપેલો છે.

| | | |
| --- | --- | --- |
| ૧ નારદ | ૨ વણરાજ | ૩ દેયાલ |
| ૪ અમરાદે | ૫ સુરભેદ | ૬ શિવદત્ત |
| ૭ એપ્રસેન | ૮ રતનાદે | ૯ રૂપદ |
| ૧૦ કહાન | ૧૧ લાખણ | ૧૨ આણંદા |
| ૧૩ ભુલજી | ૧૪ બ્રહ્મદેવ | ૧૫ ગોવર્ધન |
| ૧૬ ગાગા | ૧૭ જેભાઈ | ૧૮ મીઠા |
| ૧૯ સુર | ૨૦ હરિ | ૨૧ ભીમ |
| ૨૨ કૃષ્ણ | ૨૩ શ્રીદત્ત | ૨૪ ભાઈશંકર |
| ૨૫ ગોવિંદ | ૨૬ મુન | ૨૭ મેહદા |
| ૨૮ અન્તુ | ૨૯ લાલ | ૩૦ શ્યામ |
| ૩૧ કેશવ | ૩૨ કલ્યાણ | ૩૩ શંકર |
| ૩૪ નાગજી | ૩૫ નાના | ૩૬ ભગવાન |
| ૩૭ જોગી | ૩૮ દયાલ | ૩૯ ગોપાલ |
| ૪૦ ચતુર | ૪૧ છીબા | ૪૨ રામ |
| ૪૩ રુદ્ર | ૪૪ હરિ | ૪૫ જીવણ |
| ૪૬ ગોહિ | ૪૭ નૈષધ | ૪૮ ઈન્દ્ર |
| ૪૯ અખ્ખુ | ૫૦ વિશરામ | ૫૧ દલા |
| ૫૨ નંદ | ૫૩ પ્રેમ | ૫૪ સુંદર |
| ૫૫ સોમ | ૫૬ રાઘવ | ૫૭ દુર્લભ |
| ૫૮ મયૂર | ૫૯ કંથડ | ૬૦ ગોપી |
| ૬૧ રૂપ | ૬૨ છગન | ૬૩* સુરજી |

**૬૩* સુરજી**

૬૪

(૧) શંકર — (ચીખલીમાં વંશ ચાલ્યો)

(૨) કાનજી — (કોસમાડામાં વંશ ચાલ્યા)

(૩) ભાદો — (ભદેલીમાં વંશ ચાલ્યો)

૬૫ દયાળ　　૬૬ લલ્લુ　　૬૭ સોમ

૬૮ ભગુ　　૬૯ જોગી　　૭૦ રતન

૭૧ હરિ　　૭૨ સુંદર

૭૩

( ૧ ) મોટા　　( ૨ ) નાગર

૭૪ હરિ　　૭૫ ભીમ　　૭૬ કિશનΔ

Δ ઉપરના નં. ૬ **શિવદત્તે** અનાવલમાં વિશ્વનાથ મહાદેવનું દેરું કરાવ્યુ હતુ. એને વચનસિધ્ધિ હતી.નં. ૧૪ ના બ્રહ્મદવે કાશી (બનારસ)માં સદાવ્રત ચાલ કર્યુ હતુ. નં. ૪૫ **જીવણ** ઉનાઈમા મેળો કર્યો.

નં. ૬૩ **સુરજી**ના વખતમાં સંવત ૧૧૫૨ આસો સુદ ૧૩ શનિવારે પહોરે છ ધડી દિવસ ચઢતાં અનાવલ ઉજ્જડ થયું, ત્યાર તાપીને કિનારે આવીને રહયા. સુરજી નાયકે ગામ અબરામુ(અબરીખ) વસાવ્યુ. દોઢસો ઘર વસ્યાં.તળાવ ખોદાવ્યું.તળાવની વચ્ચે કૂવો ખોદાવ્યો; તેને ચણાવીને ચીરાબધ કરાવ્યો. મહાદેવનું દેરું કરાવ્યુ

સુરજીને સંતતિ ન હતી. તેને ત્રણ પત્ની હતીઃ (૧) આનંદબા – રામ વશી ની દીકરી. (૨) નંદબા – મુગરા ભગવાનની દીકરી. (૩) કૃષ્ણાબા – ગોવિંદ નાયક ની દીકરી. સુરજીએ મહાદેવ ની આરાધના કરી. સુરજીના ૬૦ મા વર્ષે શંકરનાં વરદાન મુજબ સુરજીની ત્રણેય પત્નીને અકેક દીકરો થયો.આનંદબાને પેટે નં. ૬૪ શંકર, નંદબા ને પેટે નં. ૬૪ કાન (કહાન), કૃષ્ણાબા ને પેટે ન. ૬૪ ભાદો.પછી સુરજી કાશી ગયા. નાની પત્ની કૃષ્ણાબા તેની સાથે કાશી ગયા. કાશીમાં સુરજીએ દેહત્યાગ કર્યો. કૃષ્ણાબા પતિના મૃતદેહ સાથે ગંગાકાઠે સતી થયા.તેની દેરી કાશીક્ષેત્રના ગૌઘાટ ઉપર તીર્થના ગોર દયાશંકરે કરાવી.

સંવત ૧૨૪૧ માં **શંકર** ચીખલી આવીને રહયાં. ક્રાન (કહાન)ગામ કોસુમબાડા (કોસમાડા) ગયા. ભદા નાયક માલાપુરી (ભદેલી)માં વસ્યા. ભદાના નામ પરથી માલાપુરીનું નામ ભદેલી પડયું.ભાદા ભદેલી આવ્યા, ત્યારે ત્યાં વાણિયા ગામ ત્રણનું વતન ખાતો હતો.તેને રૂપિયા આપી જગ્યા લીધી. તે વાણિયો જગજીવન સિહોર (કાઠિયાવાડ)તરફનો હતો. **સંવત ૧૨૧૯ ના મહા સુદ ૫ – બુધવારે ભાદા એ ભદેલી ગામ ફરીથી બાંધ્યું** તેણે ઘરો ચીરાબંધ કરાવ્યા. કૂવો કરાવ્યોં પછી વૃધ્ધ વયે ભાદો તેની પત્ની સાથે કાશીની જાત્રાએ ગયો.ત્યાં ત્રણ માસ રહીને ગુજરી ગયો. તેની પત્ની સતી થઈ.

નં. ૬૪ **શંકર નાયક** ચીખલી માં વસ્યા ત્યારે ચીખલી ગામ જૂનું વાણિયાઓનુ વસાવેલૂ હતું.વાણિયાનો ચીરાબંધ કૂવો તથા જૂનું તળાવ હતું.નં. ૭૨ **સુંદરે** ચીખલીમાં નવું તળાવ કરાવ્યું, અને યજ્ઞ કર્યો.યજ્ઞમાં સમસ્ત અનાવલાને કંકોતરી મોકલી.તેમાંથી જેટલા આવ્યા, તેમને સાત દિવસ સુધી રાખ્યા.એ યજ્ઞમાં કર્મકાંડી બ્રાહ્મણોની સંખ્યા ૬૩૪ હતી. તેઓને દક્ષિણા આપી. તે ઉપરાંત વહીવંચાને સોનાની માળા,કડાંની જોડ,વેડ નંગ ૨, સેલૂં પાઘડી અને ચીખલીમાં ભૂમિ વીંઘા ૧૬ એક કિત્તે કૃષ્ણાર્પણ કર્યા.

**પાલાએ અને શણાએ** પલસાણા (ચલથાણ પાસે) વસાવ્યું (કૃષ્ણાત્રી ગોત્ર). શાણાએ અને સમધર વશીએ સોલંકી રાજાની મદદ મેળવીને વાંસીઆ ભીલને મારીને વાંસદા મેળવ્યું,ત્યારબાદ **વસુ**એ વેસ્મા વસાવ્યું (કૃષ્ણાત્રી ગોત્ર).સમધર વશી વડોદ (નડોદ) માં રહયાં.

**ભીમજી ગદાધરે** ઈ.સ. ૧૬૪૦ માં કાલિયાવાડી વસાવ્યું.મુનશાડમાં રહીને એ સુપા પરગણા ને મોલીના કારભાર કરતાં.

અનાવલ તૂટયું ત્યારે તેના હાકેમ કાલિયાવાડી તથા પલસાણા(ચલથાણ પાસે)ના મૂળ પુરુષો, જે એક જ વંશના હતા ‘અનાવિલ સદધર્મ સમાજ’ના એક રીપોર્ટ પ્રમાણે. અત્યારના ગણદેવીના પેઢીવાળા મૂળ કાલિયાવાડીના છે, અને મહુવા પઢી એ ગણદેવી પેઢીનો જ વિભાગ છે.હમણાંના મહુવાનાં પેઢીવાળા ચીખલીના છે.(શ્રી બળવંતરાય દેસાઈની નોંધ- ‘અનાવિલ જગત’)

સરભોણના હાલના દેસાઈઓ દિહેણથી પુણીના ધર્મા દેસાઇના વારસા પર આવેલા હોવાનું ભાટનો ચોપડો બોલે છે.આ વાત ને સાબિત કરતી બીજી કથા પ્રમાણે, શ્રી રમણરાય મા. તાતીઆ(વલસાડ) એમણે એમના પિત્રાઈ કાકાના દિકરા શ્રી જયંતિલાલ મગનલાલ દેસાઇ તરફથી મેળવી મોકલીછે, તે પ્રમાણે મૂળ પૂરુષ અનંતદેસાઇ દિહેણથી પોતાના મોસાળ સરભોણમાં આવી આજની પેઢી પર બેઠા. હાલ અનાવિલો સરભોણમાં છે, તેમના વડવા – સાત ભાગીદારો પૈકી એક ભાગીદારને છોકરો ન હોવાથી તેની પેઢી પર પોતાની છોકરીના છોકરા અનંત દેસાઇને એમના આજાએ દિહેણથી બોલાવી બેસાડયા હતાં.આ બન્ને કથાઓનું તારતમ્ય એક જ છે, અને તે એ કે સરભોણના હાલના દેસાઇઓ દિહેણથી આવી સરભોણમાં વસ્યાં છે.દિહેણના હાલના દેસાઇઓ અને સરભોણના દેસાઇઓનું ગોત્ર એક જ છે, અને જનોઇ દેતી વખતે હજી સરભોણના દેસાઇઓ છોકરાને બાબરી લેવડાવવા દિહેણ મોકલે છે. (શ્રી બળવંતરાય દેસાઈની નોંધ- ‘અનાવિલ જગત’)

‘અનાવલ ઐતિહાસિક ટ્રષ્ટિએ લેખ નં ૭ માં શ્રી મણિભાઈ વકીલના લેખમાં લખવામા આવ્યું છે, અનાવિલ કોમ ના સાત નામચાન કિલ્લાઓ હતા. એ કિલ્લાના નામ આ પ્રમાણે છેઃ સાલેર, મુલેર, ગવાગઢ, ગંભીરગઢ, સુવર્ણગઢ, રૂપગઢ અને અનાવલ. આ કિલ્લાના સિપેસાલાર ‘નાએક’ના નામથી ઓળખાતા : શાલન, અબ્હન, કલહન,પદમાનન, મુલન, કલહન, વાગનલ.પહેલા પાંચ ‘નાએક’ અને છેલ્લા બે ‘વશી’ ના નામે ઓળખાતા.

# અનાવિલો નો ઈતિહાસ

## અનાવલનું પતન

**'અનાવલ'** નગર નો ઈતિહાસ જાણવા માટે દરેક અનાવિલ ઉત્સુક હોય એ સ્વભાવિક છે.અનાવિલો 'અનાવલ'ને પોતાનુ મૂળ વતન માને છે. કહેવાય છે કે આ અનાવલમાં એકવાર ભગવાન શ્રી રામચંદ્રજીએ અનાવિલ બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવ્યો હતો. અહીં જ એક વિશાળ અને રોનકદાર નગરી દૂર દુર સુધા પોતાની યશપતાકા ફરકાવતી નજરે પડતી હતી. એક જમાનામાં વિદ્વાન, પવિત્ર અને બહાદુર અનાવિલ બ્રાહ્મણો વેદનાં મંત્રોથી અહીંના વાતાવરણને ગુંજારિત કરી દેતા હતા.અહીં જ ભગવાન શુક્લેશ્વરનાં દર્શનાર્થે દૂર દુરથી યાત્રાળુઓનૂં આગમન થતૂં હતૂં યજ્ઞો અને વેદ ના મંત્રોથી પાવન થયેલી જાહોજલાલીવાળી આ નગરી આજે તા મહાકાળની સોડ માં સૂતેલી નજરે પડે છે.

ભગવાન શ્રી રામચંદ્રજીએ વિશ્વકર્મા પાસે અનાવલ નગરીની રચના કરાવી હતી, એવી પુરાણી માન્યતા છે.'ગોપી નાયક રાસો' ના સંપાદક શ્રી બળવંતભાઈ દેસાઈ ની નોંધ પ્રમાણે "વહીવંચા ના ચોપડામાં એવી કથા છે કે ઈન્દ્રરાજાએ તજ્ઞ કર્યો ત્યારે ઈન્દ્રપુરીમાં સવ દેવોને દક્ષિણા આપવામાં આવી હતી. તેમાં કેટલાકે લીધી અને કેટલાકે ન લધિી. જેણે દક્ષિણા લધિી તે આદિ કહેવાયા અને ન લીધી તભ અનાદિ કહેવાયા. ત્યારે તે દેવોને ઈન્દ્રરાજાએ ઈન્દ્રપુરી છોડી જવાનો હુકમ કર્યો. તે દેવો મૃત્યુલોકમાં આવ્યાં અને પવિત્ર સ્થાન શોધવા લાગ્યા. તેઓ હાલ જ્યાં અનાવલ છે ત્યાં આવી પહોંચ્યા અને એ જગ્યા પસંદ કરી, ત્યાં રહેવા લાગ્યાં અને નગરી વસાવી. એ અમરાપુરી માં દેવો જપ, તપ અને યજ્ઞ વગેરે કરતાં અને ફળાહાર કરી રહેતા.

'સ્કંદ પુરાણ'માં અનાવલનું નામ અનાદિપત્તન, અનાદિતીર્થ,અનાદિક્ષેત, અનાદિપુર મળે છે. 'મુક્તશારત્ર' ના લખિક શ્રી કાલિદાસ કહે છે, "અનાવલ ઈ.સ. ના નવમા સૈકામાં વસ્યું. નવમા સૈકાની અનાવિલ નગરી આરસપહાણથી શણગારેલી અને પેરિસ કે વેનિસની હરીફાઈ કરતી હતી."

આ ઉપરાંત અનાવલ કેટલુ લાંબુ-પહોળુ હતું, તે બતાવનારી એક કહેવત પ્રચલિત છે. આ કહેવત મુજબ **'અનાવલથી ચીખલી એક મોભે બિલાડા જતી!"**

ક્હવિાય છે કે તે જમાનામાં દક્ષિણ ગુજરાતમાં બોધ્ધ ધર્મનાં અનુયાયીઓ પગદંડો જમાવવાના પ્રયત્નો કરી રહયાં હતાં. હિંદુધર્મ ને ખત્મ કરવાનાં સ્વપ્નો સેવનારા બોધ્ધધર્મીઓએ કદાચ ધાર્યુ હશે કે પ્રથમ બ્રાહ્મણ વર્ગનો નાશ કરીશું એટલે હિંદુ ધર્મ પત્તાનાં મહેલ ની પેઠે તૂટી પડશે. એવી પણ માન્યતા છે કે જંગલી જાતોને ઉશ્કેરી ને બ્રહ્મણો પર આક્રમણ કરાવતા હતા. એ બૌધ્ધધર્મીઓએ અનાવલની પાસે જંગલમાં રહેતા **વાંસિયા** ભીલને અનાવિલો પર આક્રમણકરવાની પ્રેરણા આપી હતી, એવી લોકવાયકા છે.

આમ તો ભીલો નો સરદાર વાંસિયો ભીલ અનાવલ રાજ્યની હકૂમત હેઠળ હતો, છતાં પણ અનાવિલોનુ પતિાના પરનૂ વર્ચસ્વ એને ખૂંચતુ હતું અનાવિલોને હેરાન-પરેશાન કરવાની તક એ શોધતો જ હતોં એવી તક એને મળી ગઈ. અનાવિલો બહાદુર અને બુધ્ધિશાળી લડવૈયા હતા.સીધા યુધ્ધમાં વાંસિયો ફાવી શકે એમ ન હતો, એટલે સઘળા અનાવિલો કોઈ કાર્ય માં રોકાયા હોય, યુધ્ધ કરવા માટે તૈયાર નહિ હોય તે સમયે આક્રમણ કરવું, એમ નક્કી કરવામાં આવ્યું હતું

**સંવત ૧૧૫૨ નું વર્ષ, વૈશાખ સુદ ૧૧ ને રવિવાર નો દિવસ હતો.**અનાવલમાં તે દિવસે ૪૦૦ થી ૭૦૦ અનાવિલ કન્યાઓનાં લગ્નનો સમારંભ ચાલી રહયો હતો.આ ઉપરથી એમ લાગે છે કે તે વખતે અનાવિલોનો, કન્યા લેવડદેવડનો વ્યવહાર માત્ર અનાવલમાં જ પરિણમતો હશે,કારણ કે ઉપરોક્ત લગ્નમાં કોઈપણ સ્થળેથી જાન આવ્યાનો કશો ઉલ્લેખ નથી, એટલે ઈ.સ.૧૧૫૨ સુધી અનાવિલો આજુબાજુ ક્યાંય પણ વિખરાયેલા જણાતા નથી.

તે વખતે અનાવલમાં મહિધર નામનો કોઈ અનાવિલ સર્વોપરી સત્તા ધરાવતો હતો.સવરામ નામનો અનો મંત્રી હતો.એ મંત્રીએ મહિધરને કેટલીયે વાર કહયું હતું કે આ સ્થળે લગ્ન કરવામાં ભય આવી પડે એમ છે. ભીલ લોકોનું જંગલી લશ્કર કદાચ લગ્નવિધિ ચાલતી હોય તે વખતે ચઢી આવે તો ભયંકર આફતમાં સપડાઈ જઈશું. મહિધરદેવે સવરામ મંત્રીન કહેવું માન્યું નહિ. સવરામ મંત્રીની સલાહ માની હોત તો અનાવલનું કદાચ આવું કરુણ પતન ન થાત! પુરાવાઓ જોતા લાગે છે કે સમધર વશીના હાથમાં જ સંપૂર્ણ સત્તા હતી.

અનાવલ નગરે શણગાર સજ્યો હતો.નગરજનો આનંદ-ઉત્સવના સાગરમાં તરબોળ થઈ રહયા હતા. શેરીએ શરણાઈના મધુર સૂર સ્ંભળાતા હતા.કોઈ અનિષ્ટ બનાવ બનવાનો છે, અની તો કોઈને આશંકા પણ ન હતી. વાંસિયા ભીલે અનાવિલોની અસાવધતાનો પૂરેપૂરો લાભ લીધો. તેણે ઘાટના ભીલોની મદદ લઈને અનાવિલો પર ઓચિંતું આક્રમણ કર્યુ

### ક્ષણપહેલા શું હતું, અને શું થઈ ગયું!

અનાવલનો લગ્નનો આનંદ કોઈ માયાવી નગરીની પેઠે અદ્રશ્ય થઈ ગયો. મંગલ ગીતો ગાતી અબળાઓ ગભરાઈને ઈજ્જતનાં રક્ષણાર્થે, આમ થી તમ નાસવા લાગી.બાળકો રડી ઊઠયાં. બહાદુર પણ નિઃશસ્ત્ર અનાવિલો કિંકર્તવ્યવિમૂઢ થઈ ગયા.લગ્નમંડપો ખેદાનમેદાન થઈ ગયા. આખા અનાવલમાં હાહાકાર વર્તાઈ ગયો. આમ છતાં પણ અનાવિલોએ કમર કસી. વરરાજાઓએ પણ બહાદુરીપૂર્વક દુશ્મનોનો સામનો કરવા લાગ્યા. દગાબાજ દુશ્મનોને હાથે કંઈ કેટલાયે વીર અનાવિલો રહેંસાઈ ગયા. વરરાજાઓ પણ લડતાં લડતાં મરણને શરણ થયા. આમ અનાવિલોનો કારમો પરાજય થયો. કહેવાય છે કે તેમના ઉપરથી જનોઈ ઉતારી તોલ કર્યુ તો સવામણ વજન થયું. મોટી સંખ્યામાં સંહાર થયેલો હોવો જોઈએ. આ યુધ્ધ ૧૩ દિવસ ચાલ્યું હતું. આખું અનાવલનગર શોકાગારમાં ડૂબી ગયું

જુલ્મી ભીલો નગર લૂંટીને ચાલતા થયા. નવવધઓ સતી થઈ. આ સતીઓમા ભૂલા વશી નામના અનાવિલની બે પુત્રીઓ **ગાયત્રી અને સાવિતા**નો પણ સમાવેશ થતો હતો. ગાયત્રી અને સાવિત્રીએ અગ્નિપ્રવેશ કરતી વખતે શ્રાપ આપ્યો, **"જે નગરમાં અમારું સૌભાગ્ય છીનવાઈ ગયું છે,તે ઉજ્જડ થજો. જે કોઈ અહીં રહેશે તે સુખી થશે નહી"** તે વખતે કેટલાક અનાવિલોએ શ્રાપ-નિવારણનો ઉપાય પૂછયો ત્યારે સતીઓએ કહય,**"આજથી ૯૦૦ વર્ષ સુધી આસ્થળે કોઈપણ વસવાટ કરશો નહી"** હકીકત એ છે કે અત્યાર સુધી અનાવલમાં એકપણ અનાવિલનું ઘર નથી

સ્વ. ગાંડાભાઈની નોંધમાં કહેવામાં આવ્યું છે કે, " **આસો સુદ ૧૩ ને શનિવારે પહેલે પહોરે છ ઘડી દિવસ ચઢ્યે અનાવલનગર ઉજ્જડ થયું"**

## અનાવિલો નો ઇતિહાસ

ક્હેવાય છે કે અનાવલના પતન બાદ થોડા સમય પછી ગુજરાતનો રાજા સિદ્ધરાજ,રાજમાતા મીનળદેવી સાથે શુકલતીર્થ ની યાત્રા એ આવ્યા હતા.અનાવલના નાશની વાત સાંભળીને મીનળદેવીને ઘણું દુઃખ થયું. તેમણે અબરીખ અબ્રામામાં રહેતા રાજકુટુંબને દુશ્મનોને પરાજિત કરવાં માટે પૂરતી સહાય કરવાની ઈચ્છા વ્યક્ત કરી, પણ સતીનાં શ્રાપથી ભયભીત થયેલા અનાવિલોએ એ સહાયનો અસ્વીકાર કર્યો.સમધર વશીને કેટલાક અનાવિલો એ વિનવ્યા કે, તમે રાજ ના સરદાર થઈને આપણા અનાવલનો નાશ થયો, તે જોયા કરો છો? રાજા અને રાજમાતા મીનળદેવીને મળી તેમને જણાવ્યુંકે જો તેમની મદદ મળશે તો તેઓ વાંસિયા ભીલને સહેલાઈથી પરાજિત કરી શકશે.

મીનળદેવીએ સમરસીંગ સોલંકીને ૨૧૦૦૦ રજપુતોનું સૈન્ય આપીને સમધર વશી સાથે મોકલ્યા. વંસિયા ભીલ સાથે ભયંકર યુધ્ધ થયૂં.વાંસિયા ભીલને તીર વાગ્યું.વાંસિયો ધાયલ થઈને પડયો, એ જાઈને તેના સાથીદારો જીવ બચાવવા જંગલમાં નાસી ગયાં.બૂરી રીતે ધાયલ થયેલો વાંસિયો તરફડિયાં મારવા લાગ્યો. ક્મે કરી તેનો જીવ જાય નહિ. છેવટ મરતાં પહેલાં તેણે એક ઈચ્છા વ્યકત કરી, “મારા પરથી આ સ્થળનું નામ વાંસદા પાડવું.” સમરસીંગ અને સમધર વશી એ તેની ઈચ્છા પૂરી પાડવાનું વચન આપ્યું, ત્યારે વાંસિયાનો જીવ ગયો. વાંસિયા ના નામ પરથી ગામનું નામ **વાંસદા** પડયું

### અનાવિલ સમાજની કુળદેવી

| | ગમનું નામ | કુળદેવી નું નામ |
|---|---|---|
| ૧ | ભદેલી | હિંગળાજ માતા |
| ૨ | પલસાણા/સંદલપોર/વેસ્મા | ધરડી માતા |
| ૩ | ઊંટડી | સિંધવૈ માતા |
| ૪ | અટક પારડી | ગુંગેરી માતા |
| ૫ | મરોલી | તુળજાદેવી |
| ૬ | વાવ/કસ્બા/વકતાણા | ખોડયિારમાતા |
| ૭ | એરૂ | મહાલક્ષ્મી માતા |
| ૮ | ડાંભર | ફરતી માતા |
| ૯ | સરભોણ | ચાંદદેવી માતા |
| ૧૦ | અમલસાડ | આશાપુરી માં |
| ૧૧ | ટેન/ન્યોળ | વૈરાઈ માતા |
| ૧૨ | કનસાડ/દેગામ | દિહેણ માતા |
| ૧૩ | અમલસાડ/સરીબુજ/ઉધના/કઢાળી | આશાપુરી માં |
| ૧૪ | વરીયાવ/સચીન | ફુલબાઇ માં |
| ૧૫ | મોરાભાગડા – વલસાડ | જળદેવી માં |
| ૧૬ | ધમડાચી – વલસાડ | રૂપા માતા |

સમગ્ર લેખ માટેનું લખાણ “ **દક્ષિણ ગુજરાતનાં અનાવિલ બ્રાહ્મણા** ”માંથી લીધુ છે,જેના લેખક **સ્વ.શ્રી અંબેલાલ ગોપાળજી દેસાઈ** છે. આ માટે તેમના પુત્રી **શ્રીમતિ મીનાક્ષીબેન મહાદેવભાઈ દેસાઈ, કાલિયાવાડી** નો આભાર

- **ડો. બિંદેષ રમણલાલ દેસાઈ**, ભદેલી – હાલ વડોદરા